# ગ-૦ થી સરગાસણ તરફ જવાના માર્ગને આખરે બંધ કરી દેવાયો

## વાહનચાલકો રોંગ સાઇડમાં જતા હોવાના લીધે માર્ગ સલામતી જોખમાઇ હતી



ગાંધીનગર તા ૧૨
ગાંધીનગરના પ્રવેશદ્વાર પાસે બે ઓવરબ્રિજ ખુલ્લા મુકાયા બાદ આ વિસ્તારમાં અકસ્માત થતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જયારે ગ- ૦ થી સરગાસણ તરફ જવાના માર્ગ પર વાહનચાલકો રોંગ સાઈડમાં જતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આ જોખમી સ્થિતિને નિવારવા માટે તંત્ર દ્વારા રોંગ સાઈડમાં જતા વાહનોને અટકાવવા માટે ત્વરિત રસ્તો બ્લોક કરી દેવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ગાંધીનગરના પ્રવેશદ્વાર પાસે નવ નિર્મિત બ્રિજ ખુલ્લો મુકાયા બાદ આ વિસ્તારમાં અકસ્માત થવાની શરૂઆત થઈ ગઈ છે. એકબાજુ ઘ-૦ અને સરગાસણ વચ્ચે સ્થિત ગ-૦ થી મુખ્યમાર્ગ પર એન્ટ્રી એક્ઝિટ બંધ કરી દેવામાં આવી છે. અલબત્ત ગ માર્ગ પરથી સીધો મુખ્યમાર્ગ ઓળંગીને સામેની બાજુ જઈ શકાય નહી તે માટે રસ્તાને વચ્ચેથી બ્લોક કરી દેવાયો છે. જયારે બીજીતરફ ગ-૦ થી સરગાસણ તરફ જવા માટે વાહનચાલકો રોંગ સાઈડમાં જતા અકસ્માત થવાની સંભાવના પ્રબળ બની છે. આ વિસ્તારમાં ગઈકાલે પણ બે અકસ્માતો થયા હતા જેના લીધે નવનિર્મિત બ્રિજને ખુલ્લો મુકાયા બાદ માર્ગ સલામતીને સ્પર્શતા પ્રશ્નો પણ ઉઠવા પામ્યા છે.આ સ્થિતિને અનુલક્ષીને હાલ નેશનલ હાઈવે ઓથોરિટી કક્ષાએથી ત્વરિત આ બન્ને બ્રિજ વચ્ચે સ્થિત રોંગ સાઈડમાં જવાનો માર્ગ બ્લોક કરી દેવાયો છે. ગ-૦ થી સરગાસણ તરફ ખોટી દીશામાં આગળ જતા વાહન ચાલકોને અટકાવવા માટે આજે તંત્ર દ્વારા સ્થળ પર કામગીરી હાથ ધરીને રસ્તા પરની અવરજવર અટકાવી દેવા માર્ગને બ્લોક કરી દેવાયો હતો. એકબાજુ ઘ-૦ અન સરગાસણ બ્રિજ વચ્ચે ત્વરિત વચ્ચે ગ-૦ જંકશન હોવાથી આ માર્ગને અનુલક્ષી સીધા બ્રિજવાળા માર્ગ પરથી એન્ટ્રી આપવામાં આવી નથી જેના લીધે વાહનચાલકો તેમજ નવા સેકટરોમાં રહેતા નાગરિકોમાં આક્રોશ પ્રવર્તાયો છે.ત્યારે રોંગ સાઈડનો ઉપયોગ વધુ જોખમી બને તે પહેલા જ તંત્ર દ્વારા આજે ત્વરિત આ કામગીરી પુર્ણ ખરી કરી દેવામાં આવી હતી.

# ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શનની કામગીરીનું હવે સર્વેલન્સ સિસ્ટમ થકી મોનીટરીંગ કરાશે

ગાંધીનગર, તા. ૧૨
ગાંધીનગર શહેરમાં ડોર ટુ ડોર કલેક્શનની કામગીરી સઘન બનાવવા તેમજ કોઈ ઘર કલેક્શનની કામગીરીથી વંચિત ના રહી જાય તે માટે મનપા દ્વારા ૨૪૦૦ જેટલા પોઈંટ ઓફ ઈન્ટરેસ્ટ નિયત કરી અને તેનુ નેટવર્ક બનાવી સર્વેલન્સ સિસ્ટમ પર મોનીટરીંગ કરવામાં આવશે.

ડોર ટુ ડોર કલેક્શન માટે શહેરને ત્રણ ઝોનમાં વિભાજીત કરી દેવામાં આવ્યુ છે. શહેરમાં પ્રથમ બે ઝોનમાં શહેરનો જુનો વિસ્તાર આવરી લેવામાં આવ્યો છે જ્યારે નવા ભેળવવામાં આવેલ વિસ્તારને ઝોન-૩ બનાવવામાં આવ્યો છે.

ઝોન-૧ અને ૨ માં થઈ ૧૪૦૦ જેટલા આ માટે પોઈન્ટ ઓફ ઈન્ટરેસ્ટ નિયત કરવામાં આવ્યા છે. જ્યારે ઝોન-૩ માં ૧૦૪૦ જેટલા પોઈન્ટ નિયત કરવામાં આવ્યા છે. આ માટેનું હાલ ફિઝીકલ વેરીફીકેશનની કામગીરી ચાલી રહી છે. જે આ સપ્તાહના અંત સુધીમાં પૂર્ણ થતાં આવતા સપ્તાહથી આ નવી સિસ્ટમ કાર્યરત થઈ જશે.

ગાંધીનગર શહેરમાં ડોર ટુ ડોર કલેક્શન નિયમિત રીતે નહિ થતુ હોવાની ફરિયાદો વ્યાપક પ્રમાણમાં ઉઠી હતી. તંત્રએ હરકતમાં આવી ઈન્ટીગ્રેટેડ સર્વેલન્સ સિસ્ટમનો આમાં ઉપયોગ થઈ શકે છે તે ધ્યાને આવતાં જ આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. હાલ ડોર ટુ ડોર કલેક્શન કરતી ગાડીઓમાં જી.પી.એસ. સિસ્ટમ લગાવવામાં આવેલી જ છે.

હવે, અસરકારક મોનીટરીંગ માટે સર્વેલન્સ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે. જેમાં કઈ ગાડી કેટલા વાગે ક્યાંથી પસાર થઈ તે સહિતની તમામ વિગતો આ પોઈંટ ઓફ ઈન્ટરેસ્ટના સર્વેલન્સ દરમ્યાન જાણી શકાશે એટલુ જ નહિ તે અંગેનો આખો રિપોર્ટ તૈયાર કરવામાં આવશે.

મળતી વિગતો મુજબ ગાંધીનગર શહેરને હાલ તો સફાઈની સેવા સત્તાવાર રીતે એક જ સોંપાઈ છે અને તે અસરકારક મોનીટરીંગ માગતી હતી.

શહેરમાં દૈનિક ૧૯૦ મે.ટન જેટલો ઘનકચરો ઉત્પન્ન થતો હોય છે. તંત્ર દ્વારા ભીનો કચરો અને સુકો કચરો સેગ્રીગેટેડ થઈ અને મળે તે માટે લોક જાગૃતિ અભિયાન પણ ચલાવી રહેલ છે. આ અભિયાનને પણ સઘન બનાવવામાં આવ્યુ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ સ્વચ્છતા સર્વેક્ષણ માટે નવી મોનીટરીંગ સિસ્ટમ પણ ઘણી ઉપયોગી પુરવાર થશે.

આગામી દિવસોમાં સ્વચ્છતા અભિયાન અંગે તંત્ર દ્વારા અન્ય પણ મહત્વના નિર્ણયો લેવામાં આવી શકે તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.

# ખેડૂતોને પાક-પાણી બચાવવા ટપક સિંચાઈથી પિયત આપવાની ભલામણ

## બાષ્પીભવન થતું અટકાવવા સમયસર આંતરખેડ કરવા પણ કહેવાયું, વરસાદ ખેંચાતાં જિલ્લામાં ૯૩ હજાર હેક્ટરમાં થયેલ વાવેતર બચાવવા તંત્ર હરકતમાં આવ્યું

ગાંધીનગર, તા. ૧૨
ગાંધીનગર જિલ્લામાં ૯૩ હજાર હેક્ટરમાં થયેલ ખરીફ પાકના વાવેતરને બચાવવા લાઈફ સેવિંગ પિયત આપવાની ભલામણ તંત્ર દ્વારા કરવામાં આવી છે.

જિલ્લામાં વરસાદ ખેંચાતા ઉભી થયેલી સ્થિતિમાં પાકને બચાવવા માટે ટપક સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ કરવાની ભલામણ પણ તંત્ર દ્વારા કરવામાં આવી છે જેથી પાક અને પાણી બન્નેની બચત થઈ શકે.

ખેતરમાં રહેલ ભેજનો બાસ્પિભવનથી વ્યય થતો અટકાવવા માટે સમયાંતરે આંતરખેડ કરતા રહેવું જે બાષ્પિભવનની ચેઈન તોડી જમીનમાનો ભેજ ટકાવી રાખવામાં મદદરૂપ થઈ શકે છે.

ડાંગર જેવા વધુ પાણીની જરૂરીયાતવાળા પાકોનું હાલના સમયે વાવેતર/ફેરરોપણી ટાળવું.

પાકમાં રહેલ નિંદામણનું સમયસર નિયંત્રણ કરવું તેમજ પાકમાં આવતા રોગ અને જિવાત સામે કૃષિ યુનિ. દ્વારા ભલામણ કરેલ નિયંત્રણના સમયસર પગલા લઈ પાકમાં આવતી સ્ટ્રેસ અટકાવવી જોઈએ તેમજ એકમ વિસ્તારમાં છોડની સંખ્યા ઘટાડવા નબળા છોડ ઉપાડી અને દુર કરવા જોઈએ. વરસાદની અનિશ્ચિતતા સમયે એક પાકનું વાવેતર કરી જોખમ લેવા કરતા આંતરપાક પદ્ધતિ અપનાવવા ભલામણ કરવામાં આવે છે. ખેતીમાં અનિયમિત અને અપુરતા વરસાદને કારણે નિષ્ફળતાના જોખમને ટાળવા માટે આંતર પાક/મિત્ર પાક પદ્ધતિ અપનાવવાની ભલામણ કરાઈ છે.



સ્વાતંત્ર્ય દિનની ઉજવણી - ગાંધીનગર શહેર કક્ષાએ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી માટે રામકથા મેદાનમાં તૈયારીઓ આરંભાઈ છે... છેલ્લા દોઢ દાયકાથી ધ્વજ વંદન, સાંસ્કૃતિક કાર્યક્રમ રામકથા મેદાનમાં યોજાય છે... આ વખતે પણ મેદાન સાફ કરી મંડપ, ડેકોરેશનનું ગુરૂવારે સવારથી આરંભાયું હતું... સ્વાતંત્ર્ય દિનની ઉજવણી મહાનગરપાલિકા દ્વારા મહાનગર સેવા સદન ખાતે અને જિલ્લા કક્ષાની ઉજવણી દહેગામ ખાતે યોજાવાની છે ત્યારે રામકથા મેદાનમાં માત્ર તાલુકા કક્ષાની ઉજવણી થશે....

# ૧૪મી ઓગષ્ટે તમામ તાલુકા મથકે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવશે

## સવારે વન મહોત્સવની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૧૨
ગાંધીનગર જિલ્લામાં ૧૪મી ઓગષ્ટના રોજ તમામ તાલુકા મથકો પર સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી અને આઝાદી કા અમૃત મહોત્સવ પર્વની ઉજણીનો આગજ કરવામાં આવશે. દરેક તાલુકા મથકો પર આ કાર્યક્રમના આયોજનને લઈ તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. જિલ્લાકક્ષાનો કાર્યક્રમ દહેગામ ખાતે યોજવામાં આવનાર છે. ૧૫મી ઓગષ્ટના રોજ સવારે ધ્વજવંદન કાર્યક્રમ પણ દહેગામ ખાતે જ યોજવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. આ માટેની તમામ તૈયારીઓ પણ હાલ પૂરજોશમાં ચાલી રહી છે. રાજ્યના સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના મંત્રી ઈશ્વરભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન થશે. આ પછી અનોખી સિદ્ધિ વિવિધ ક્ષેત્રોમાં મેળવનાર કર્મયોગીઓનું પણ મંત્રીના હસ્તે સન્માન કરવામાં આવનાર છે. ગાંધીનગર મનપા દ્વારા પણ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. ૧૪મીએ સવારે વન મહોત્સવની ઉજવણી પણ કરવામાં આવનાર છે. વન વિભાગ દ્વારા વન વિસ્તાર વધે તે માટે આ વખતે જિલ્લામાં ૧૮ લાખ જેટલા રોપાઓનું વિતરણ કરવાનો લક્ષ્યાંક રાખેલ છે.

# વરસાદના વિરહ વચ્ચે વનતંત્ર વન મહોત્સવની ઉજવણી કરશે

## પી ડી પી યુ પાસેના મેદાનમાં ૪૦૦ અને ચિલ્ડ્રન યુનિ.માં ૧૦૦ રોપાઓની વાવણી કરાશે : દર વર્ષે વરસતા વરસાદમાં રોપાઓની વાવણી થાય છે પરંતુ આ વખતે વરસાદની ગરેહાજરી વચ્ચે નવા રોપાઓની વાવણી સામે ખતરો

ગાંધીનગર તા ૧૨
ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે વરસાદ હજુ સુધી પુરતો વરસ્યો નથી. છેલ્લા ઘણાં સમયથી મેઘરાજા વાદળ સવારી કરીને અદ્રશ્ય થઈ ગયા છે. ત્યારે નવા રોપાઓની વાવણી તેમજ જાળવણીનુ કામ પણ અઘરુ બન્યુ છે. આવા સંજોગોમાં વરસાદના વિરહ વચ્ચે વનતંત્ર દ્વારા વન મહોત્સવની ઉજવણીનુ આયોજન કરાયુ છે. વન મહોત્સવ અન્વયે તા ૧૪ ઓગષ્ટના રોજ પી ડી પી યુ પાસે સ્થિત મેદાનમાં ૪૦૦ તેમજ સે-૨૦ ચિલ્ડ્રન યુનિના મેદાનમાં ૧૦૦ રોપાઓની વાવણી કરાશે.

ગાંધીનગર જિલ્લામાં વરસાદના વિરહ વચ્ચે વન મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. સામાન્ય રીતે વરસતા વરસાદ વચ્ચે વન મહોત્સવ ઉજવણી કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે હજુ ઓગષ્ટના મધ્ય સુધીમાં જિલ્લામાં વરસાદ થયો નથી વરસાદ વિના નગરજનો પણ ગરમીથી તોબા પોકારી ગયા છે. અષાઢમાં પણ ગાજયા મેઘ વરસ્યા નથી જયારે શ્રાવણની શરૂઆત બાદ પણ સરવરિયા વરસતા નથી. ત્યારે આ સ્થિતિ વચ્ચે વન મહોત્સવની ઉજવણીનુ આયોજન કરી દેવાયુ છે. વનતંત્ર દ્વારા અન્ય જિલ્લાની જેમ ગાંધીનગરમાં પણ વન મહોત્સવની ઉજવણી માટે આયોજન કરાયુ છે. તા ૧૪ ઓગષ્ટના રોજ રાયસણ પી ડી પી યુ પાસે સ્થિત લીંબચ માતાના મંદિર પાસેના મેદાનમાં જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી કરવામાં આવનાર છે. જેમાં ૪૦૦ જેટલા રોપાઓની વાવણી કરાશે.

● અનુસંધાન પાન-૭ પર

# ઘ-૦ પાસે બ્રિજ નજીકના સર્વિસ રોડ પર ગાબડુ



શહેરમાં નવનિર્મિત ઓવરબ્રિજ અને અન્ડર પાસનો મુદ્દો આજકાલ સતત ચર્ચામાં રહે છે. કયારેક હળવા વરસાદમાં અન્ડર પાસમાં સ્વીમીંગ પુલની જેમ પાણી ભરાઈ જતા હોવાની સાથે લાઈટો પણ ડુલ રહેતી હોવાની ફરિયાદો વચ્ચે વાહનચાલકો જોખમી સ્થિતિનો સામનો કરી રહ્યા છે. બીજીતરફ રેલવે અન્ડર પાસની કામગીરીને અનુલક્ષીને પણ ફરિયાદો ઉઠવા પામી છે. ત્યારે હજુ ચ માર્ગ પર નવા અન્ડર પાસનુ કામ હાથ ધરવા માટે પણ કાર્યયોજના તૈયાર થઈ ગઈ છે. આ સ્થિતિ વચ્ચે ગત સપ્તાહ દરમિયાન શહેરના પ્રવેશદ્વાર સમા ઘ-૦ અને સરગાસણ વિસ્તારમાં પણ નવા બે ઓવરબ્રિજ ખુલ્લા મુકવામાં આવ્યા છે. ત્યારે બ્રિજ ખુલ્લા મુકાયા બાદ આ ઠેકાણે અકસ્માતો થવાની શરૂઆત થતા માર્ગ સલામતી જોખમાઈ હોવાનો આક્રોશ પણ નાગરિકોમાં ઉઠવા પામ્યો છે. ગાંધીનગરમાં હજુ સિઝનનો પુરતો વરસાદ થયો નથી અલબત્ત વરસાદ આવ્યો જ નથી ત્યારે માર્ગો અને ફુટપાથ પર ગાબડા જોવા મળી રહ્યા છે. કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલા નવા માર્ગો પણ

● અનુસંધાન પાન-૭ પર

# માણસા-કલોલ-ગાંધીનગરની બેઠક જીતવા ભાજપની વ્યૂહરચના

## વિધાનસભા બેઠકો પર વિજય મેળવવા માણસા-કલોલ-ગાંધીનગરને ભાજપે નવા સંગઠનમાં મહત્વ આપ્યું : નવા સંગઠનના મોરચાઓની રચનામાં આ ત્રણ તાલુકાઓને અગ્રતા અપાતાં દહેગામમાં કાર્યકરો નારાજ

ગાંધીનગર, તા. ૧૨
ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચેય બેઠક પર ભગવો લહેરાવવાના નિર્ણય સાથે જિલ્લા ભાજપે તેની સાથી પાંખોની નવરચનામાં પણ આ વાતનો પડઘો પડતો હોય તે રીતે નવી નિમણુંકો કરી છે.

જિલ્લા ભાજપ દ્વારા ગઈકાલે મોડી સાંજે પાંચ મોરચાના સંગઠનોની રચના જાહેર કરી છે. મહિલા મોરચો, કિસાન મોરચો, બક્ષીપંચ મોરચો, લઘુમતિ મોરચો અને અનુ. જાતિ મોરચાના હેદ્દેદારોની નિયુક્તીઓ કરી છે.

મહિલા મોરચાના પ્રમુખ તરીકે કલોલ શહેરના આનંદીબેન પટેલ, મહામંત્રી તરીકે દક્ષાબેન મકવાણા ગાંધીનગર તાલુકો તેમજ દિપ્તીબા વાઘેલા ગાંધીનગરની નિમણુંક કરી છે.

કિસાન મોરચાના પ્રમુખ તરીકે વિષ્ણુભાઈ પટેલ માણસા તાલુકો, મહામંત્રી તરીકે રાજેન્દ્રસિંહ રાઠોડ (ગાંધીનગર) અને દહેગામના બંકિમભાઈ પટેલની નિયુક્તી કરી છે.

બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય જયેશભાઈ ચૌધરી મહામંત્રી તરીકે કલોલના શૈલેષજી ઠાકોર અને દહેગામના મનુભાઈ બારોટની નિયુક્તી કરી છે.

લઘુમતિ મોરચાના પ્રમુખ તરીકે કલોલ શહેરના સફરાજ પઠાણ, મહામંત્રી તરીકે ગાંધીનગરના રહીમભાઈ મીર, દહેગામ શહેરના અહેઝાઝ મનસુરીની નિયુક્તી કરી છે.

અનુ. જાતિ મોરચાના પ્રમુખ તરીકે ગાંધીનગરના હિમાંશુ વાઘેલા, કલોલ શહેરના હરીશભાઈ વાઘેલા, કલોલ તાલુકાના રમણભાઈ વાઘેલાની નિયુક્તી કરવામાં આવી છે.

દહેગામ તાલુકાને તેમજ ઠાકોર સમાજને અન્યાય થયાની ઉગ્ર લાગણી પણ ભાજપમાં ઉભી થઈ છે અને નેતાઓ દ્વારા તે લાગણીને શાંત પાડવાની કામગીરી પણ હાથ ધરી દેવામાં આવી છે.

જિલ્લામાં આવતી પાંચ વિધાનસભા બેઠકોમાં ગાંધીનગર(ઉ), કલોલ અને માણસાની બેઠકો હાલ કોંગ્રેસ પાસે છે. આ બેઠકો પર સંગઠન વધુ સક્રિય બને તે વિચાર સાથે નવી નિયુક્તીઓ કરવામાં આવી હોવાની વાતો પણ રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર


અગિયારમી વાર્ષિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સ્વ. વસુબેન નારણભાઈ ચુડાસમા
સ્વ. તા. ૧૩-૮-૨૦૧૦, જન્મ તા. ૭-૬-૧૯૫૦

આપ ચંદન જેવું જીવન જીવીને શીતળતા સૌને આપી. સૌરભ બની પ્રસરી ગયા. જીવન જીવ્યા ખુમારીથી. સુખ-દુઃખમાં સૌને જીવતા શીખવાડી ગયા. આપની કૌટુંબિક ભાવના અને પરોપકારવૃત્તિની સુવાસ સદા મહેંકતી રહેશે. આપ હંમેશા સૌના હૃદયમાં જીવંત રહેશો.
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરઃ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ.
નારણભાઈ બી. ચુડાસમા
જીતેન્દ્ર, રાજેશ, શૈલેષ, સંજય (પુત્રો)
દક્ષાબેન (પુત્રી), જયેશકુમાર (જમાઈ), રૂદ્ર (ભાણો), મણીબેન (નણંદબા)
માયાબેન, કનુબેન, ઉષાબેન, સ્મૃતિબેન (પુત્રવધુઓ)
નિશા, નિધિ, નૈયત્રી, પ્રિયા, હાર્દિકા, નેહા, આયુશી, પ્રાર્થના (પૌત્રીઓ)
માનુષ, તીર્થ, વૈભવ, યુવરાજ (પૌત્રો)



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com